# સવાર

# સવારઃ લોંગ ડિસ્ટન્સ રિલેશનશિપ

ઉષાબહેને ગાડી પાર્ક કરી. બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં છોકરાં રમતાં હતાં. કેટલાક વૃદ્ધો બેસીને વાતો કરતા હતા. કેટલીક સ્ત્રીઓ સોસાયટીમાં બનાવેલા વૉકવે પર ઝડપથી ચાલી રહી હતી. હજી નિશાની ગાડી પાર્ક નહોતી થઈ. ઉષાબહેનને ચીડ ચડી, 'નવાઈની નોકરી કરે છે. આજે પણ રસોઈ મારા માથે...' ગુસ્સામાં શાકનો થેલો અને પર્સ લઈને ઉષાબહેન ઊતર્યાં.

લિફ્ટમાં પાંચમે માળ રહેતી પડોશણ મળી. શાકનો થેલો જોઈને એણે ઉષાબહેનને મર્મભેદી બાણ માર્યું, 'અબ તો બહુ આ ગઈ... આપ ક્યું કરતી હૈ યે સબ?' ઉષાબહેને પરાણે હસવાનો પ્રયત્ન કર્યો, પણ પાંચમા માળ સુધી તો આ જ લિફ્ટમાં ઊભા રહેવું પડે, મજબૂરી હતી! પડોશણે કહ્યું, 'લવ મૅરિજ મેં ઐસા હી હોતા હૈ. અપના સાલોં કા પ્યાર ઉસકે નાઇટ સ્કૂલ મેં ભૂલા દેતી હૈ યે લડકીયાં.' એ મોટા અવાજે ખોટું હસી. પાંચમો માળ આવી ગયો. ઉષાબહેને રાહતનો શ્વાસ લીધો. સાતમા માળે લિફ્ટ પહોંચે ત્યાં સુધીમાં ઉષાબહેનના મગજમાંથી વિચાર પસાર થઈ ગયો. 'વાત તો સાચી જ ને? રિશીને કેટલા વહાલથી અને કેટલાં લાડથી ઉછેર્યા... એકલે હાથે... પણ, અંતે તો વીસ નખવાળીએ આવીને બધું વેડફી નાખ્યું.' લિફ્ટ ઝટકા સાથે ઊભી રહી.

પોતાની ચાવીથી ઉષાબહેને ઘર ખોલ્યું. વઘારની સુગંધથી ઉષાબહેનને ડ્રૉઇંગરૂમમાં છીક આવી ગઈ, 'જીરું બળી ગયું.' એમણે કહ્યું, 'ગાડી નથી તમારી નીચે... મને થયું કે, આજે


પણ રસોઈ મારે જ કરવી પડશે.' કહેતાં-કહેતાં એ પોતાના રૂમ તરફ ચાલી ગયાં.

રસોડામાં એક તરફ કઢી ને એક તરફ શાક મૂકીને લોટ બાંધી રહેલી નિશાએ કોઈ જવાબ જ ન આપ્યો. એને માટે ઉષાબહેનની આવી બધી કમેન્ટ જરાય નવી વાત નહોતી. એ વહેલી આવીને રસોઈ કરી નાખે તો ઉષાબહેન રસોઈમાં વાંધો કાઢે ને મોડી આવે તો પોતે રસોઈ કરવી પડી એ વાતે ઉષાબહેન સણસણતી ચોપડાવે.

નિશા ભાવિ પુત્રવધૂ તરીકે પહેલી વાર મળવા આવી એ દિવસથી ઉષાબહેનની આંખોમાં એણે જોયેલો અણગમો આજ સુધી અકબંધ રહ્યો હતો. નિશાએ પ્રયત્ન નહોતા કર્યા એવું નહીં, પણ ઉષાબહેને એ પ્રયત્નોની નોંધ લેવાને બદલે એને 'મને ઇમ્પ્રેસ કરવાની જરૂર નથી.' અથવા 'આ બધું કરવાને બદલે જરાક ઘર ચોખ્ખું કરી નાખ્યું હોત તો...' અથવા 'મહેમાન આવવાના છે. તું રસોઈ રહેવા દેજે...' જેવાં વાક્યોએ નિશાને સમયસમયાંતરે ઉઝરડા પાડવા સિવાય બીજું કંઈ કર્યું નહોતું.

નિશા મહેરા અને હૃષીકેશ ઉપાધ્યાય, આઠ વર્ષની કોર્ટશિપ પછી પરણ્યાં – પરણી શક્યાં, કારણ કે ઉષાબહેનને ખાતરી થઈ ગઈ કે એકનો એક દીકરો હૃષીકેશ હવે નિશા સિવાય કોઈને નહીં પરણે એટલે અંતે એમણે કમને લગ્નની મંજૂરી આપી ત્યારે નિશા ત્રીસ વર્ષની ને હૃષીકેશ બત્રીસનો.

નિશા પહેલી વાર મળવા આવી ત્યારે બાવીસ વર્ષની હતી. ગ્રેજ્યુએટ થઈને હૃષીકેશની સૉફ્ટવેર કંપનીમાં ટ્રેઇની તરીકે જોડાઈ હતી. એ પછી એણે એમબીએ કર્યું, આઠ જણના



બપોર

# બપોરઃ લોંગ ડિસ્ટન્સ રિલેશનશિપ

**'ચા** પીશો?' નિર્મલાબહેને પૂછ્યું.

'ના.' બગીચામાં કામ કરી રહેલા ભાસ્કરભાઈએ આકાશ તરફ જોયું, 'સાડા અગિયાર થયા છે. આ કંઈ ચા પીવાનો ટાઇમ છે?'

'ચા પીવાનો કોઈ ટાઇમ જ ન હોય.' કહીને નિર્મલાબહેન ઘરની અંદર ચાલી ગયાં, 'ઘડિયાળ જોઈને કોઈ ચા પીએ?' એ સ્વગત બબડ્યાં.

'બસ! કંઈ કામ ન હોય એટલે ચા પીઓ.' ભાસ્કરરાયે હાથમાં પકડેલી ખૂરપીથી મધુમાલતીના છોડની આસપાસ ગોડ કરવા માંડી. પરસેવાથી એમનું ટી-શર્ટ ભીંજાઈ ગયું હતું. હાથ માટીવાળા હતા. ચહેરા ઉપર પણ માટીના ડાઘ હતા. સોલ્ટ-પેપર, (કાળા-ધોળા મિશ્ર) એવા એમના જથ્થાબંધ વાળના બંને ખૂણામાંથી પરસેવાની ધાર કાન પાસે થઈને ગળા સુધી વહેતી હતી. ગોરા રંગને કારણે ચહેરો લાલ થઈ ગયો હતો. ભાસ્કરભાઈની ઉંમર આમ તો 65, પરંતુ ફિટનેસ અને સ્વસ્થ જીવનશૈલીને કારણે એકવડિયું શરીર સાચવી શક્યા હતા. વહેલા ઊઠવાનું, વૉક પર જવાનું, ગાર્ડનિંગ કરવાનું, ખૂબ વાંચન અને મિત્રો સાથે ખુશાખુશાલ જીવન જીવવાની એમની ટેવને કારણે 65ના ભાસ્કરભાઈ માંડ 55ના દેખાતા! ભાસ્કરભાઈ માટે બગીચાનું કામ એ એમના રિટાયર્મેન્ટના સમયનો શ્રેષ્ઠ સદુપયોગ હતો. પોતાને ઘેર તો

ઠીક, એ બીજાને ઘેર જઈને પણ બગીચાનું કામ કરી આવતા. મુરઝાયેલા છોડને કઈ રીતે નવપલ્લવિત કરી શકાય એની ટિપ્સ આપતા. જાતજાતની દવાઓ, ખાતરના પ્રયોગો કરતા રહેતા. શાકભાજી-ફૂલો ઉગાડવાના એમને ઈશ્વરને મળ્યા જેટલો આનંદ આવતો, એવું ભાસ્કરભાઈ કહેતા.

વડીલોના સમયમાં અમદાવાદ શહેરની બહાર હવે એસ. જી. હાઇવે પર ખરીદેલી લગભગ એક એકર જમીનમાં સુંદર બંગલો બાંધીને પતિ-પત્ની અહીં રહેતાં હતાં. ભાસ્કરભાઈ રિટાયર્ડ પ્રોફેસર હતા. મૅથેમૅટિક્સ એમનો વિષય, એટલે વિદ્યાર્થીઓ હજીયે એમની પાસે ભણવા, એમ.એ.-પીએચડીના ગાઇડન્સ માટે આવતા રહેતા. વિદ્યાર્થીઓને નિરાંતે ભણાવી શકાય એ માટે ઘરની બહાર નાનકડું ગ્લાસ હાઉસ, (ગઝીબો જેવું) બાંધીને ભાસ્કરભાઈ પોતાનો મોટા ભાગનો સમય ત્યાં જ વિતાવતા. એમણે ત્યાં એક લાઇબ્રેરી અને કામચલાઉ ઑફિસ જેવી સુંદર વ્યવસ્થા ઊભી કરી હતી. સાચું પૂછો તો ભાસ્કરભાઈ ઘરની અંદર ફક્ત જમવા અને ઊંઘવા જ દાખલ થતા. બાકીનો બધો સમય એ કાં તો પોતાની ગઝીબો જેવી ઑફિસમાં, કાં તો બગીચામાં અને નહીં તો મિત્રો સાથે વિતાવતા.

નિર્મલાબહેન માધ્યમિક શાળાનાં પ્રિન્સિપાલ તરીકે રિટાયર્ડ થયાં હતાં. બંને બાળકોનાં શિક્ષણ અને ઘરની જવાબદારી સાથે એમણે 38 વર્ષ નોકરી કરી હતી. હવે કંટાળાજનક ટીવી સિરિયલો, ઓટીટી અને સોશિયલ મીડિયા પર સમય પસાર કરવા સિવાય એમની પાસે ખાસ કોઈ કામ નહોતું. બે જણનું ભોજન બનાવતાં 30 મિનિટ કરતાં ઓછો સમય થતો. ઘરનું

# સાંજ

# સાંજ લોંગ ડિસ્ટન્સ રિલેશનશિપ

જોરજોરથી બૅન્ડ ઉપર 'આજ મેરે યાર કી શાદી હૈ' વાગી રહ્યું હતું, જાનમાં આવેલા લોકો મન મૂકીને નાચી રહ્યા હતા. સ્વાગત કરવા આવેલા કન્યાપક્ષના લોકો, કન્યાનાં પિતા, કાકા, મા અને બાકીનાં બધાં આ નાચતા જુવાનિયા, આધેડ અને વૃદ્ધ જાનૈયાને જોઈ રહ્યાં હતાં. કન્યાપક્ષના કેટલાક લોકો પણ આ નાચમાં જોડાઈ ગયા હતા. મુહૂર્ત વીતી રહ્યું હતું, પણ મજા કરી રહેલા લોકોને અટકાવવાનું સાહસ કરવા કોઈ તૈયાર નહોતું!

'કેટલું ચાલશે આ?' અમોઘ સિગારેટ પીવા માટે બેચેન થઈ રહ્યો હતો. કન્યાના મામાઓ વરરાજાને આવકારવા ઊભા હતા, એની સાથે અમોઘ પાઠક પણ ઊભો હતો. ગુજરાતી ભાષાનો સુપરસ્ટાર, બેસ્ટ સેલર લેખક! જેના પુસ્તકો 18થી વધુ ભાષાઓમાં અનુવાદિત થઈ ચૂક્યાં હતાં, જેની વાર્તા પરથી ફિલ્મો બની હતી, જેનાં લખેલાં ગીતો હિન્દી સિનેમાના પડદે અતિશય લોકપ્રિય હતાં, જેને માટે લોકો લાઇન લગાડીને ઊભા રહેતા હતા એ માણસ આજે પોતે લાઇનમાં ઊભો હતો! અકળાતો, ચિડાતો અને આવા ઘોંઘાટિયા-ધમાચકડીભર્યાં લગ્નો પ્રત્યે પોતાનો રોષ ઠાલવતો.

અમોઘ કદાચ પંદરેક વર્ષ પછી કોઈ પારિવારિક લગ્નમાં આવ્યો હતો, એ પણ નાછૂટકે!

આસપાસ ઊભેલા બધા અમોઘને જોઈ રહ્યા હતા. ઉંમરના પ્રમાણમાં યુવાન અને ખૂબ હૅન્ડસમ. એના સોલ્ટ ઍન્ડ પેપર

વાળ, માપ લઈને બનાવ્યું હોય એવા પર્ફેક્ટ નાક નીચે સાઉથ ઇન્ડિયન ફિલ્મના હીરો જેવી જાડી મૂછોમાં દેખાતા ધોળા વાળના તાંતણા, કથ્થાઈ આંખો અને તડકાને કારણે લાલ થઈ જાય એવી ગોરી ત્વચા. છ ફૂટ ઊંચાઈ, ફ્લૅટ પેટ અને કસરતી શરીર ઉપર શોભતો ડીપ મરૂન રંગનો ઝભ્ભો, અલીગઢી સુરવાલ. એ લોકપ્રિય લેખક તો હતો જ, સાથોસાથ રંગભૂમિનો અભિનેતા હતો. એણે લખેલાં નાટકો સફળ હતાં અને અભિનેતા તરીકે પણ અમોઘ પાઠકનું નામ ખૂબ આદરથી લેવાતું. એ વિશ્વપ્રવાસી હતો. એની બુક લૉન્ચમાં નાટકો જોવા અને ભાષણો સાંભળવા લોકો ઊમટી પડતા.

આજે લગભગ બે દાયકા પછી એ કોઈ પારિવારિક પ્રસંગમાં આવી રીતે હાજર રહ્યો હતો, કદાચ એટલે જ પરિવારના લોકો એને નવાઈથી જોતા હતા અને પરિવાર સિવાયના મહેમાનો જે એના ફેન હતા, એ સહુ એને આદર, આશ્ચર્ય અને અહોભાવથી જોઈ રહ્યા હતા. આ બધી જ આંખો, સહુની દૃષ્ટિ અમોઘને ખૂંચી રહી હતી. એ અનકમ્ફર્ટેબલ હતો, એને બને એટલા જલદી અહીંથી નીકળવું હતું, પણ સામે નાચી રહેલા જાનૈયાને જોતાં જલદી નીકળાય એમ લાગતું નહોતું! અમોઘ અકળાઈ રહ્યો હતો, કંટાળી ગયો હતો.

છેલ્લાં વીસેક વર્ષથી અમોઘ પાઠક એના લેખન અને વ્યવસાયમાં એટલો વ્યસ્ત રહેતો કે અંગત પરિવાર સાથેનો સંપર્ક લગભગ છૂટી જ ગયો હતો. તમામ સામાજિક સંબંધો, એની પત્ની વૃંદા સાચવી લેતી હતી. આમ તો અમોઘને પણ એ જ સાચવતી હતી! એની કૉફી, સિગારેટ, જમવાના સમયથી શરૂ કરીને પ્રકાશકોના ચેક, ઇન્વેસ્ટમેન્ટ અને ઇન્કમ-



રાત

# રાતઃ લોંગ ડિસ્ટન્સ રિલેશનશિપ

રાગિણી ખુલ્લી આંખે છત તરફ જોઈ રહી હતી. બેડરૂમમાં અંધારું હતું, એસીની હવાથી પાતળા પડદા ઊડી રહ્યા હતા. બહારથી લૅમ્પ-પોસ્ટનું અજવાળું પાંદડાંઓમાં ચળાઈને છત ઉપર કોઈ અજબ જેવી ડિઝાઇન બનાવતું હતું. હવામાં હલતાં પાંદડાંથી ડિઝાઇન પણ હલવા લાગતી. રાગિણી એ બદલાતી ડિઝાઇન્સને જોઈ રહી હતી. એનું શરીર કળતું હતું, મન એકદમ ક્ષુબ્ધ! આજે ફરી એ જ થયું હતું. કંદર્પ ઑફિસથી આવ્યો, નાહીને જમ્યા પછી એ લૅપટૉપમાં કામ કરી રહ્યો હતો. રાગિણી પરવારીને બેડરૂમમાં આવી ત્યારે અગિયાર વાગવા આવ્યા હતા. કંદર્પ ઊઠીને એની પાસે આવ્યો, એણે રાગિણીને બાહુપાશમાં લઈ લીધી. સદ્યસ્નાતા રાગિણીના શરીરમાંથી સુખડની સુવાસ આવતી હતી, 'ઉફ! યૂ સ્મેલ સો ગુડ.' કંદર્પનું નાક રાગિણીના કાન અને ખભા વચ્ચેના ગળા પર ઘસાવા લાગ્યું.

ઘડીભર રોમાંચ થયો, પછી રાગિણીએ સાવધ થઈને જાતને છોડાવી, 'કંદર્પ...' એના અવાજમાં કંટાળો હતો, 'હું થાકી ગઈ છું. બહુ કામ હતું આજે.'

'તારે ક્યારે કામ નથી હોતું?' કંદર્પ કશું સાંભળવા તૈયાર નહોતો, 'હું થાક ઉતારી દઈશ. આઇ પ્રૉમિસ.' કંદર્પની પકડ થોડી મજબૂત થઈ. એણે રાગિણીનું આખું શરીર પોતાના શરીર સાથે જડી દીધું. રાગિણીએ છૂટવાનો મરણિયો પ્રયત્ન

કર્યો, પણ કંદર્પના કસરતી શરીર અને મજબૂત બાવડાંની સામે રાગિણી બહુ ટકી શકી નહીં.

હવે, કંદર્પ પડખું ફરીને ઊંઘતો હતો ને રાગિણી છત જોઈ રહી હતી!

આવું લગભગ દર અઠવાડિયે બે વાર થતું, ક્યારેક વધારે પણ! લગ્નને પાંચ વર્ષ પૂરાં થવા આવ્યાં હતાં, પણ લગભગ 1790 દિવસના લગ્નજીવનમાં રાગિણીને એક પણ દિવસ સ્ત્રી હોવાનો પૂર્ણ સંતોષ મળ્યો નહોતો. કંદર્પ માટે સેક્સ એટલે કચડી નાખવું, ભીંસી નાખવું, ચૂંથી નાખવું... પોતાનો સંતોષ, ને પછી પડખું ફરીને સૂઈ જવું. રાગિણી શું અનુભવે છે એવું એણે કદી પૂછ્યું નહોતું ને રાગિણી કહેવાનો પ્રયત્ન કરે ત્યારે એણે સાંભળવાની દરકાર પણ કરી નહોતી!

•

લગ્નની પહેલી જ રાત્રે રાગિણી પોતાનાં રોમૅન્ટિક સપનાં સાથે હોટેલના સ્યૂટ રૂમમાં પ્રવેશે તે પહેલાં કંદર્પે એને બે હાથમાં ઊંચકી લીધી, 'વેલકમ ટુ માય લાઇફ.' એણે કહ્યું હતું, 'હું કલ્પી નથી શકતો કે તારા જેવી સુંદર સ્ત્રી મારી પત્ની હોઈ શકે.' રાગિણીને ઊંચકીને કંદર્પ બેડરૂમમાં દાખલ થયો હતો. એણે રાગિણીને પલંગમાં મૂકી. રાગિણી એક ચુંબનની, હળવા સ્પર્શની, રોમૅન્ટિક વાતોની પ્રતીક્ષામાં હતી, એની આંખો બંધ હતી. અચાનક એણે અનુભવ્યું કે પોતે પહેરેલા ચણિયા-ચોળીના ચણિયાથી રાગિણીનો ચહેરો ઢંકાઈ ગયો હતો, એની પેન્ટી ખેંચાઈ... ને પછી...

એ રાત્રે કંદર્પે ત્રણ વખત રાગિણીને જગાડી, દરેક વખતે

એટલો જ ભયાનક અને પીડાદાયક અનુભવ! રાગિણી સવારે બાથરૂમમાં હતી ત્યારે એણે કંદર્પને એના કોઈ મિત્ર સાથે વાત કરતો સાંભળ્યો, 'ફોર ઇઝ માય સ્કોર... તમારા બધા કરતાં વધારે!' એ જોરજોરથી હસતો હતો. રાગિણીનાં આંસુ શાવરમાં વહી ગયાં હતાં.

એ રાતના અનુભવથી શરૂ કરીને આજ સુધી ખાસ કશું બદલાયું નહોતું. એક રાતમાં કેટલી વાર સેક્સ થઈ શકે- એ કંદર્પ માટે એના પૌરુષના પડકાર જેવી કોઈ અર્થહીન ગણતરી હતી.

કોઈ માણસ નિયમિત દવા લે, કસરત કરે, સમયસર જમી લે એવી રીતે કંદર્પ કોઈ રોબોની જેમ રાગિણીને પલંગમાં સુવાડતો, નજીક ખેંચતો, કપડાં પૂરાં ઉતારવાની તસ્દી પણ લીધા વગર, રાગિણી આ ક્ષણ માટે તૈયાર છે કે નહીં એવું સમજવાનો પ્રયત્ન કર્યા વગર એને જે કરવું હોય એ કરીને રાગિણીની ઉપરથી, એની બાજુમાં, પલંગમાં સરકી જતો. તરત જ પડખું ફરી જતો ને થોડી જ ક્ષણોમાં એનાં નસકોરાંનો લયબદ્ધ અવાજ ઓરડાના સન્નાટાને વધુ ભયાવહ બનાવી દેતો.

•